# રાજ્યભરમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

## અમદાવાદમાં વર્ષો બાદ હોડીઓ દ્વારા બચાવ કામગીરી : કડીમાં અનરાધાર ૧૩ ઈંચ વરસાદ : દક્ષિણ ગુજરાતમાં મેઘતાંડવથી ભારે તારાજીના દ્રશ્યો : હજુ આગામી ૩૬ કલાક ભારે વરસાદ પડવાની આગાહી



અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને સાર્થક કરતાં મેઘરાજા છેલ્લા બે-ત્રણ દિવસથી રાજ્યના ખાસ કરીને દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ધમરોળી રહ્યા છે.

દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી તથા સુરત જિલ્લામાં મેઘતાંડવને પગલે ઉત્તર ગુજરાતના કડીમાં આજે સવારના ૮ સુધી ૧૩ ઈંચ અને દિવસ દરમિયાન વધુ બે ઈંચ વરસાદ ખાબકી જનજીવન સંપૂર્ણ રીતે અસ્તવ્યસ્ત કરી નાંખ્યું હતું જ્યારે અમદાવાદ શહેરમાં પણ ઘણા વર્ષો પછી થયેલા ૧૨ ઈંચ જેટલા ધોધમાર વરસાદે સમગ્ર શહેરની રફતાર થંભાવી દીધી હતી. ચારે તરફ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં ફાયરબ્રિગેડ દ્વારા હોડીઓ દ્વારા નાગરીકોને સલામત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. જો કે દિવસ દરમિયાન વરસાદે વિરામ લેતા જનજીવન પુનઃ ધબકતુ થયું હતું પરંતુ સમી સાંજે અમદાવાદમાં ફરી ધોધમાર વરસાદ શરૂ થતાં લોકો વહેલી તકે પોતાના કામકાજ તથા ધંધાના સ્થળેથી ઘરતરફ રવાના થઈ ગયા હતા. દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના કપરાડામાં તો અતિભારે વરસાદે છેલ્લા ત્રણ દિવસથી ભારે હાહાકાર ફેલાવ્યો છે આજે સવારે ૮ વાગ્યા સુધીમાં કપરાડામાં ૧૦ ઈંચ વરસાદ થયો હતો જ્યારે આજે દિવસ દરમિયાન પણ પાંચથી વધુ પાણી વરસતા કપરાડા બેટમાં ફેરવાઈ ગયું હતું. એટલું જ નહીં પરંતુ વલસાડ જિલ્લાને ધમરોળના મેઘરાજાએ આજે સવાર સુધીમાં પણ ૧૦ ઈંચ પાણી વરસાવ્યા બાદ દિવસ દરમિયાન ફરી ચાર ઈંચ વધુ પાણી વરસાવ્યું હતું. પારડીની સ્થિતિમાં પણ કોઈ ફરક પડ્યો ન હતો જ્યાં સવારના આઠ સુધીમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ થયા બાદ દિવસ દરમિયાન વધુ ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યના ઈમરજન્સી વિસ્તારોના સેન્ટરના સુત્રોના જણાવ્યા અનુસાર આજે દિવસ દરમિયાન રાજ્યના ૩૦ જિલ્લાના ૧૬૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જેમાં ડાંગમાં આજે સવાર સુધીના ૨૪ કલાકમાં પડેલા નવ ઈંચ વરસાદ ઉપરાંત આજે દિવસ દરમિયાન પણ વધુ ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. આજે દિવસ દરમિયાન પાટણ જિલ્લાના સરસ્વતીમાં ૧૧૨ મીમી પાટણમાં ૧૧૮ મીમી, મહેસાણા જિલ્લાના જોટાણામાં ૧૫૯ મીમી તથા મહેસાણામાં ૧૫૧ મીમી, વડોદરા જિલ્લાના પાદરામાં ૯૬, ગાંધીનગર જિલ્લાના કલોલમાં ૭૧, કડીમાં ૬૩ મીમી વરસાદ નોંધાયો હતો. દરમિયાન હવામાન વિભાગની યાદી મુજબ રજુ પણ આગામી ૩૬ કલાક દરમિયાન રાજ્યમાં ગાજવીજ સાથે જોરદાર ઝાંપટા તથા ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.










(તસવીર : દિપક જાની)

## રાજ્યના ૨૦૩ જળાશયોમાં અંદાજે ૫૮ ટકા જળસંગ્રહ થવા પામ્યો

ગાંધીનગર, તા.૩૦

રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા ભારે વરસાદને કારણે ડેપોમાં ૫૮ ટકા પાણીનો જળસંગ્રહ થવા પામ્યો હોવાનું રાજય સરકારના પ્રવકતા મંત્રીશ્રી નીતિન પટેલે જણાવ્યું હતું.

રાજયના નાના મોટા મળી કુલ ૨૦૩ ડેમો આવેલા છે જેમાં ૫૮ ટકા પાણીનો જળસંગ્રહ થવા પામ્યો છે. જેમાં દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ૭૦.૨૫ ટકા મધ્ય પૂર્વ ગુજરાતના જળાશયોમાં ૬૫ ટકા ઉત્તર ગુજરાતના જળાશયોમાં ૧૯ ટકા સૌરાષ્ટ્રના જળાશયોમાં ૨૦ ટકા અને કચ્છના જળાશયોમાં ૭.૫ ટકા જળસંગ્રહ થયો છે. તેમણે ઉમેર્યું હતું કે ઉત્તર ગુજરાતના સૌથી મોટા ધરોઈ જળાશયમાં ૨૬ ટકા જળસંગ્રહ થયો છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયમાં વિલંબથી પણ સારો વરસાદ થતાં આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૫૩.૪૮ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.







આફત દરવાજે પોકાર આપીને નથી આવતી

**તૈયાર રહો !**

આપત્તી વ્યવસ્થાપન એજ સાચી સાવચેતી

**પૂરની સ્થિતિ પહેલાં:**


- ✓ અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાટ કરશો નહિ
- ✓ તમારા મોબાઈલ ફોનને સતત ચાર્જ કરી રાખો
- ✓ આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- ✓ હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- ✓ સ્થાનિક વહિવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો.
- ✓ મજબૂત દોરડાં, ફાનસ, હાથબત્તી, વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- ✓ સર્પદંશ અને ઝાડા ઉલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- ✓ છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- ✓ પશુઓના બચાવ માટે તેમને ખીલ્લેથી છુટા રાખો
- ✓ શુધ્ધ પાણી, સુકો ખાદ્યપદાર્થ, મીણબત્તીઓ, દીવાસળીની પેટીઓ, કેરોસીન વગેરે ઉપલબ્ધ રાખો

**સ્થળાંતર કરવાનું થાય ત્યારે:**

- ✓ કપડાં જરૂરી દવાઓ કિમંતી ચીજ વસ્તુઓ, અંગત દસ્તાવજો, વગેરેને વોટરપ્રુફ પેકીંગમાં બાંધી સાથે રાખો
- ✓ ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઉંચે મૂકી રાખો.
- ✓ પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘુસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટરો બંધ રાખો
- ✓ ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- ✓ ઘરને તાળું મારી બંધ કરો અને દર્શાવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો.
- ✓ લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો.
- ✓ અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

**પૂર દરમિયાન**

- ✓ પૂરના પાણીમાં ઉતરવાનું ટાળો, આવા પાણીમાં ઉતરવાની જરૂરત હોય તો યોગ્ય પગરખાં પહેરવા
- ✓ ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- ✓ વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ✓ બાળકોને ભૂખ્યાં ના રાખો
- ✓ આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લીચીંગ પાવડરનો છંટકાવ કરો
- ✓ તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો
- ✓ **ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો.**



**પૂર બાદ :**

- ✓ સ્થાનિક વહિવટીતંત્ર સૂચના આપે ત્યાર બાદ ઘરે પાછા ફરવું
- ✓ બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહી
- ✓ ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રીશિયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકણોનો ઉપયોગ કરો
- ✓ તુટેલાં વીજ સ્તંભો, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં તુટેલાં કાચ ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ✓ સ્થાનિક સત્તાધીશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી પાલન કરો
- ✓ આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાત્તકાલિન કંટ્રોલરૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો
- ✓ પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહિ.
- ✓ મલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો.



આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)*

જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭

રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦

ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં જારી

GSDMA

*મોબાઈલ થી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રિક્ટ કોડ જોડવો